# સુરત મહાનગરપાલિકા

## ડ્રેનેજ વિભાગ

**આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૪ (૧) ખ ના કલોઝ ૧ થી ૧૭ મુજબ જાહેર કરવાજોગ વિગતો.**
**કલમ ૪ (૧) (ખ) (૩)**

**દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ :–**

ડ્રેનેજ વિભાગ અંતર્ગત હાથ ધરવામાં આવતી મુખ્ય કામગીરીઓ અંગેની વિગત નીચે મુજબ છે.

**(અ) ગટર વ્યવસ્થાને લગતા નવા કામોની નિર્માણ પ્રક્રિયા : કાર્યપધ્ધતિ**

- સમગ્ર સુરત શહેર માટે હદ વિસ્તરણ પછીના તમામ વિસ્તાર માટે વર્ષ–૨૦૪૧ સુધીની અંદાજીત વસ્તીને ધ્યાને લઈને લાંબા ગાળાનાં આયોજન માટે સુઅરેઝ માસ્ટર પ્લાન બનાવવા કન્સલટન્ટની નિમણૂંક કરવી.
- શહેરના વિવિધ વિસ્તારો માટે કન્સલટન્ટ ધ્વારા તૈયાર કરાયેલ તબકકાવાર ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ મુજબ સુઅરેજ સ્કીમનું આયોજન કરવું તથા બજેટમાં જોગવાઈ કરવી.
- જરૂરીયાત મુજબ સુઅરેજ સ્કીમ માટે અથવા તેના કોઈ એક ભાગના અમલીકરણની કામગીરી માટે છેલ્લા વર્ષના ઉપલબ્ધ એસ.ઓ.આર ના ભાવો મુજબ અંદાજ તૈયાર કરી સક્ષમ સમિતિની તેમજ સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરવા.
- મંજુર થયેલ અંદાજ મુજબ કામગીરી માટે જાહેર ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી કરવી.
- જાહેર ટેન્ડર અન્વયે આવેલ ટેન્ડરોની યોગ્યતા ચકાસી કામગીરી કરાવવાની મંજુરી માટે સક્ષમ સત્તાને રીપોર્ટ કરવો/ દરખાસ્ત કરવી.
- મંજુર પ્રોજેકટના અંદાજ–ટેન્ડરને લગતી કામગીરી કરી વર્કઓર્ડર આપવા.
- સરકારશ્રીમાં તબકકાવાર પ્રોગ્રેસ રીપોર્ટ મોકલી ગ્રાંટ રીલીઝ કરવાની કામગીરી.
- સ્થળ પર સુપરવિઝન કરી થયેલ કામનાં માપ–મેઝરમેન્ટ ચકાસણી કરી ઈજારદારને ચુકવણાની મંજુરીની કાર્યવાહી કરવી.
- કામગીરીનાં અંતિમ બીલો તૈયાર કરવા.
- સમગ્ર પ્રક્રિયામાં જરૂરિયાત મુજબ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરનાર એજન્સી, સોઈલ કન્સલટન્ટ, સ્ટ્રકચરલ કન્સલટન્ટ, પ્રોજેકટ કન્સલટન્ટ તથા થર્ડપાર્ટી ઈન્સ્પેકશન એન્ડ મોનીટરીંગ એજન્સીની નિમણૂંકને લગતી તથા તેઓના પેમેન્ટને લગતી તમામ કાર્યવાહી કરવી.

**દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :**

ઉપરોકત નિર્માણ પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગેરે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ ટેકનીકલ આસીસ્ટન્ટ તથા સુપરવાઈઝર ધ્વારા કરવામાં આવે છે.

## (બી) ગટર વ્યવસ્થા ઓપરેશન તેમજ મરામત અને નિભાવના કામોની નિર્માણ પ્રક્રિયા : કાર્યપધ્ધતિ

- સમગ્ર સુરતના નાગરિકોને આપવામાં આવતી ગટર વ્યવસ્થા વ્યવસ્થિત રીતે કામ કરે તે માટે સુએઝ પમ્પીંગ સ્ટેશનો પર જરૂરી વ્યવસ્થા ગોઠવવી.
- આ માટે શહેરના તમામ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જરૂરિયાત મુજબના ગંદા પાણીની ટ્રીટમેન્ટ કરી શકે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવી.
- સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ કરવામાં આવતા એફલ્યુઅન્ટની ગુણવત્તા જળવાઈ રહે તે પ્રમાણે દરરોજ જરૂરી માત્રામાં વોટર સેમ્પલ લઈને લેબોરેટરીમાં તેનું ટેસ્ટીંગ કરવું તેમજ જરૂર જણાયે તે બાબતે જરૂરી પગલાં લેવા.
- સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુએઝ પમ્પીંગ સ્ટેશન અને ગટર લાઈનની મરામત ને નિભાવ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવી.
- સંજોગોવસાત શહેરના કોઈ વિસ્તારમાં કે સોસાયટીમાં ગટર લાઈન કે પમ્પીંગ સ્ટેશન બંધ થવાની ઘટના બને ત્યારે જે જગ્યાએ વૈકલ્પિક વ્યવસ્થા જે તે ઝોન ધ્વારા પુરા પાડવામાં આવે તે રીતની વ્યવસ્થા ગોઠવવી.

## દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :

ઉપરોકત પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગેરે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ ઈલે. સુપરવાઈઝર / મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ ધ્વારા કરવામાં આવે છે.